**By Registered A.-D. / E-MAIL**

ક્રમાંક: આઈ.ટી. સેલ/૨૦૧૪/ICT/ ૨૧૯૮–૨૨૨૭
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૨૧ /૦૯/૨૦૧૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી,
તમામ

**<u>અગત્યનું – સમયમર્યાદા</u>**

**વિષય:–** **ICT@Schools યોજના અંતર્ગત સાધન સામગ્રીનું હસ્તાંતરણ બાબત.**
**સંદર્ભ:–** **અત્રેની કચેરીનો તા. ૨૦.૦૬.૨૦૧૪નો પત્ર**

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ICT@Schools યોજનાના પ્રથમ તબકકામાં રાજયની <u>૩૬૫૦</u> માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર યોજના માટે BOOT (Built, Own, Operate and Transfer) Model અપનાવવામાં આવેલ છે. <u>સદર યોજનાના પ્રથમ તબકકામાં સમાવેલ ૩૬૫૦ શાળાઓમાં ૦૫ (પાંચ) વર્ષ સપ્ટેમ્બર–૨૦૧૪ માં પૂર્ણ થનાર છે.</u> ICT@Schools યોજના અંતર્ગત તમામ શાળાઓમાં કોમ્પ્યુટર અને આનુષાંગીક સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે. કેન્દ્ર પુરસ્કૃત ICT@Schools યોજનાના પ્રથમ તબકકાની પૂર્ણાહુતિ સાથે ૩૬૫૦ શાળાઓમાં અમલિકરણ એજન્સી **(M/s. NIIT Ltd. and M/s. Educomp Solutions Ltd.)** દ્વારા પુરી પાડવામાં આવેલ તમામ સાધન સામગ્રીની માલિકી રાજય સરકારને Transfer કરવાની થાય છે. **અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી આ બાબતે અગાઉ આપને જાણ કરવામાં આવેલ છે અને તા. ૦૮.૦૯.૨૦૧૪ના રોજની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની બેઠકમાં પણ ચર્ચા થયેલ છે.**

સદર બાબતે નીચેની બાબતોનું વિશેષ ધ્યાન આપવા વિનંતી.

A. યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ તમામ સાધન સામગ્રીની માલિકી સરકારશ્રીની રહેશે અને શાળા તેનો ઉપયોગ માત્ર શૈક્ષણિક હેતુ માટે જ કરી શકશે.
B. યોજના અંતર્ગત શિક્ષણકાર્ય માટે ફાળવવામાં આવેલ તમામ હાર્ડવેરની સારસંભાળની જવાબદારી શાળાની રહેશે.
C. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વખતોવખત તેની ચકાસણી કરવાની / કરાવવાની રહેશે.
D. સરકારી શાળાઓમાં યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ હાર્ડવેરની સારસંભાળ માટેનો ખર્ચ નિયમિત કચેરીખર્ચ માંથી મેળવવાનો રહેશે.
E. **જિલ્લાની સરકારી શાળાઓમાં ઈન્ટરનેટ કનેકશન ભારત સંચાર નિગમ લિ. મારફત વાર્ષિક રૂા.૭૫૦૦.૦૦ (ટેક્ષ સિવાય) ની મર્યાદામાં મેળવવાની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ / સરકારી શાળાએ કરવાની રહેશે અને તેના બિલનું ચુકવણું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી / સરકારી શાળા દ્વારા તેઓના નિયમિત કચેરીખર્ચના બજેટ માંથી** કરવાની રહેશે.
F. બિન સરકારી અનુદાનિત શાળાઓને યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ સાધન સામગ્રીના નિભાવ માટે કરેલ ખર્ચને શિક્ષણ વિભાગના તા.૦૨.૦૭.૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ – ૨ **"ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચની યાદી"** ના ક્રમ – ૮ હેઠળ માન્ય ખર્ચ તરીકે મંજુર કરવાનો રહેશે.

- સદર સાધન સામગ્રીનું હસ્તાંતરણ તા.૦૧.૧૦.૨૦૧૪ ના રોજ અથવા ત્યાર બાદ જ કરવા, તમામ સાધન સામગ્રી સારી, ચાલુ અને વપરાશ યોગ્ય પરિસ્થિતિમાં હોય તેની ચકાસણી કરી લેવા અને તમામ સાધનોના Serial No. ની પણ ચકાસણી કરી લેવા ICT@Schools યોજનાના પ્રથમ તબકકામાં સમાવિષ્ટ શાળાના આચાર્યશ્રીઓને સુચના પાઠવશો.
- શાળાના આચાર્યશ્રીઓના હસ્તાક્ષર સાથેના નિયતનમુનાના પ્રમાણપત્રો આપની પ્રતિ સહી સાથે તા.૧૫.૧૦.૨૦૧૪ સુધીમાં અમલિકરણ એજન્સી મારફત તથા એક નકલ ટપાલમાં અત્રેની કચેરીને પહોચતા થાય તેની કાળજી રાખવા વિનંતી.

માનનીય અગ્રસચિવશ્રી (શિક્ષણ)ની તા.૦૫.૦૯.૨૦૧૪ની નોંધ પરની મંજુરી મુજબ.

સંયુકત નિયામક (હિસાબ)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના :-

- માનનીય અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માનનીય કમિશનરશ્રી (શાળાઓ)ના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- Regional Delivery Manager, M/s. NIIT Ltd., Gandhinagar
- Assistant Vice President, M/s. Educomp Solutions Ltd., Gandhinagar
- ઓડિટ શાખા, સદર કચેરી